# સપ્તર્ષિ
# ભગવાન નિત્યાનંદની વાર્તા
## *ઈશા સરદેસાઈ દ્વારા પુનર્લિખિત*

ભારતમાં એવું માનવામાં આવે છે કે સપ્તર્ષિ અર્થાત્ સાત ઋષિઓના તારાથી રાત્રે આકાશ પ્રકાશિત થાય છે. આ સાત ઋષિઓના ઉપદેશોનું હજારો વર્ષોથી સન્માન કરવામાં આવે છે, તેમણે દિવ્ય પ્રેરણાથી શાસ્ત્રોનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું અને તેમના જીવનનું મુખ્ય કાર્ય હતું, બીજાંઓને આ જ્ઞાન પ્રદાન કરવું. આમાંના પ્રત્યેક ઋષિ માટે — કશ્યપ, અત્રિ અને ભારદ્વાજ માટે, વિશ્વામિત્ર, ગૌતમ માટે, જમદગ્નિ અને વસિષ્ઠ માટે — આકાશમાં એક તારો છે. એકસાથે મળીને આ સાત તારા સપ્તર્ષિના નક્ષત્રની રચના કરે છે, જે પશ્ચિમના દેશોમાં 'બીગ ડીપર' તરીકે ઓળખાય છે.

ભારતમાં ઘણાં લોકો આ સાત ઋષિઓની પૂજા કરે છે. ઑગસ્ટ મહિનામાં આવતી શ્રાવણની પૂર્ણિમાએ આ પૂજા કરવાની પરંપરા છે. પરંતુ કેટલાંક એવાં પણ લોકો હોય છે જેમણે વ્યક્તિગત રીતે આખા વર્ષ દરમ્યાન દર પૂર્ણિમાએ સપ્તર્ષિની પૂજા કરવાનું વ્રત લીધું હોય છે.

સન ૧૯૫૦ના સમયગાળામાં, મુંબઈમાં રહેતી એક અમ્માએ પણ આવું જ વ્રત લીધું હતું. તેઓ દર મહિનાની પૂર્ણિમાની રાત્રે તેમના પૂજાસ્થાનમાં સાત સોપારી મૂકતાં. પ્રત્યેક સોપારી એક ઋષિનું પ્રતીક હતી. અમ્મા દીવો અને અગરબત્તી પ્રગટાવતાં, તેનો આછો ધુમાડો ગોળ-ગોળ થઈને ઉપર જતો અને તેઓ પૂજા કરતાં.

વાસ્તવમાં, આ અમ્મા એક સિદ્ધગુરુ, એક સદેહ ગુરુના ભક્ત હતાં, જેઓ તાનસા નદીની ઘાટીમાં સ્થિત ગણેશપુરી ગામમાં નિવાસ કરતા હતા. તેઓ ભગવાન નિત્યાનંદના ભક્ત હતાં.

એક વર્ષે ઉનાળાની ઋતુમાં, આ અમ્મા બડે બાબાનાં દર્શન કરવા માટે ગણેશપુરી ગયાં હતાં. તેમણે નક્કી કર્યું હતું કે તેઓ થોડાં દિવસો સુધી ગામમાં રહેશે અને પૂર્ણિમાના દિવસે ઘરે પાછા જશે, જેથી તેઓ સપ્તર્ષિની પૂજા કરી શકે.

જ્યારે પૂર્ણિમાનો દિવસ આવ્યો, તો અમ્માએ વિદાય લેતાં પહેલાં બડે બાબાને મળવા અને તેમનાં દર્શન કરવા માટે તૈયારી કરી લીધી. તેઓ સાંકડા રસ્તે થઈને કૈલાસનિવાસ પહોંચ્યાં જે બડે બાબા માટે બનાવાયેલું નવું નિવાસસ્થાન હતું અને બડે બાબા ત્યાં જ દર્શન આપતા હતા. ગામમાં શાંતિ હતી. એ સમયે, ગામમાં છૂટા-છવાયા થોડાંક જ ઘર હતા અને એક કરિયાણાની દુકાન હતી, જે બહારગામથી આવતાં લોકોની સુવિધા માટે, બડે બાબાના માર્ગદર્શનથી તેમના એક ભક્તે ખોલી હતી.

જ્યારે અમ્મા કૈલાસનિવાસ પાસે પહોંચ્યાં અને તેમને તેની કમાન અને ગુંબજ દેખાયા, તેમણે જોયું કે તેના દરવાજા હજી ખૂલ્યા નહોતા. તેથી તેઓ બહાર બેસીને રાહ જોવાં લાગ્યાં. બીજા થોડાં લોકોની ભીડ જામવા લાગી હતી, તેમાંનાં ઘણાં લોકો પણ દર્શન માટે રાહ જોઈ રહ્યાં હતાં.

દસ મિનિટ થઈ ગઈ. વીસ મિનિટ. એક કલાક, બે કલાક, અને હવે તો બપોર થઈ રહી હતી. ઉનાળાનો સૂર્ય સીધો માથા પર હતો, એ ચમકતો શ્વેત પ્રકાશનો ગોળો નીલ આકાશમાં ચમકી રહ્યો હતો. અમ્માને ચિંતા થવા લાગી. એક તરફ, જો તેઓ ઘરે જલ્દી પાછા નહીં જાય તો પૂજા કરવાનું મુહૂર્ત ચૂકી જશે, એક ખાસ સમય દરમ્યાન જ તેમણે આ સપ્તર્ષિની પૂજા કરવી જરૂરી હતી. અને તેમણે આ પૂજા કરવાની જ હતી. એ તેમનો નિયમિત અભ્યાસ હતો, તેમણે આ પૂજા કરવાનું વ્રત લીધું હતું; સપ્તર્ષિને પ્રસન્ન કરીને તેમના આશીર્વાદો પ્રાપ્ત કરવાની તેમની એ રીત હતી.

પરંતુ, તેઓ તો અહીં ગણેશપુરીમાં તેમના શ્રીગુરુ, બડે બાબાનાં દર્શન માટે આવ્યાં હતાં. તેમનાં દર્શન કર્યાં વગર, ઘરે પાછા જવાના સમાચાર આપ્યા વગર, ઘરે જવા માટે તેમની આજ્ઞા લીધા વગર, અમ્મા આ ગામથી જવા માગતા નહોતાં.

જ્યારે અમ્મા આ પરિસ્થિતિ વિશે વિચાર કરી રહ્યાં હતાં, ત્યારે તેમણે થોડે દૂર આવેલા ગરમ પાણીના કુંડ પર નજર કરી. તેનું પાણી લંબચોરસ કુંડમાં વહી રહ્યું હતું, જેમાંથી વરાળના ગોટાં નીકળી રહ્યાં હતાં. દરરોજ મળસ્કે લગભગ ૩ વાગ્યે, બડે બાબા આ કુંડમાં સ્નાન કરતા. અને પછી આખા દિવસ દરમ્યાન બડે બાબાનાં દર્શન કરવા આવતાં લોકો પણ ઘણીવાર તેમાં સ્નાન કરતાં — શ્રીગુરુની સમક્ષ ઉપસ્થિત થતાં પહેલાં, સ્વયંને શુદ્ધ કરી લેતાં.

અમ્મા તેમની જગ્યાએથી ઊભા થયાં અને કુંડ તરફ ચાલવા લાગ્યાં, તેમણે વિચાર્યું કે રાહ જોવાના સમય દરમ્યાન તેઓ જલ્દીથી સ્નાન કરી લેશે. એ દિવસે ઘણી ગરમી હતી, તેથી આજુબાજુ બીજું કોઈ હતું નહીં; આખા કુંડમાં તેઓ એકલાં જ હતાં. તેઓ સાડીની પાટલી પકડીને કુંડમાં ઊતરી ગયાં.

જ્યારે તેઓ સ્નાનનો આનંદ માણી રહ્યાં હતાં — પાણી તેમની કમર સુધી પહોંચીને તેમની આસપાસ ઘેરી વળ્યું — તેમણે નજીકમાં ક્યાંકથી એક અવાજ સાંભળ્યો. વાસ્તવમાં, ઘણા બધા અવાજ હતા : આનંદ-ઉલ્લાસની કિલકારીઓનો અવાજ, પટ્-પટ્ કરતો નાના પગનો અવાજ. તેમણે આજુબાજુ જોયું અને તેમને આશ્ચર્ય થયું, કુંડના કિનારે તેમણે નાના છોકરાંઓની એક ટોળી ઊભેલી જોઈ. ત્યાં એક, બે — કુલ *સાત* બાળકો હતા અને તેમની ઉંમર પાંચ કે છ વર્ષથી વધારે નહીં હોય.

અમ્મા કંઈ કહી શકે તે પહેલાં જ બધાં બાળકો પાણીમાં કૂદી પડયાં અને રમવાં લાગ્યાં. તેઓ એકબીજા પર પાણી ઉડાડવાં લાગ્યાં; તેઓ અમ્મા પર પણ પાણી ઉડાડવાં લાગ્યાં; તેઓ કુંડની આસપાસ મસ્તી કરવાં લાગ્યાં.

અમ્માએ તેમના મધુર, પણ દૃઢ અવાજમાં કહ્યું, ‘‘બાળકો, હું સ્નાન કરી રહી છું, મને હેરાન ન કરો.’’

થોડા સમય પછી, અમ્મા કુંડમાંથી બહાર આવ્યાં. તેમણે કપડાં બદલ્યાં અને ફરી પાછા કૈલાસનિવાસ તરફ ચાલવા લાગ્યાં. ત્યારે બપોર થઈ ગઈ હતી.

જ્યારે તેઓ કૈલાસનિવાસની નજીક પહોંચ્યાં, તો હવામાં કોઈ પ્રકારની તત્પરતા હતી, આતુરતાનો ભાવ હતો. લોકો લાઈનમાં ઊભાં રહેવાં માટે તૈયાર થઈ રહ્યાં હતાં.

અને પછી કૈલાસનિવાસના દ્વાર ખુલી ગયાં. એક સેવક લોકોને દર્શન માટે અંદર જવામાં મદદ કરવા લાગ્યો. બડે બાબા અંદર બેઠા હતા.

જ્યારે દર્શન કરવા માટે અમ્માનો વારો આવ્યો, તો તેઓ બડે બાબાની સામે આવ્યાં. બડે બાબાનું સ્વરૂપ શ્યામ અને તેજસ્વી હતું, તેમની ઉપસ્થિતિ વાતાવરણના પ્રત્યેક કણને એક એવા ગુણથી ભરી રહી હતી જેનો અનુભવ મોટાભાગે સમજવો મુશ્કેલ હતો, છતાં તેમની આસપાસ સતત સ્પંદિત થતો રહેતો : શાંતિ. તેમણે નમીને પ્રણામ કર્યાં.

અને પછી બડે બાબાએ તેમને કહ્યું :

‘‘થઈ ગયા સપ્તર્ષિનાં દર્શન?’’

અમ્માએ ઉપર જોયું, તેમના ચહેરા પર આશ્ચર્યનો ભાવ હતો. ભારતમાં, એવું કહેવાય છે કે જ્યારે એક વ્યક્તિનું વ્રત ફળે છે ત્યારે તેને એ દેવતાનાં દર્શન થાય છે જેની તે પૂજા કરે છે. અમ્માને પેલાં સાત નાના બાળકોનું સ્મરણ થયું. તેમણે બડે બાબા તરફ એકટશે જોયું.

તેમના હૃદયમાં, તેમના મનમાં કે કદાચ કોઈ અસીમિત અને પ્રકાશપૂર્ણ સ્થાનમાં બડે બાબાના શબ્દો ગુંજતા હતા.

‘‘થઈ ગયા સપ્તર્ષિનાં દર્શન?’’

© ૨૦૧૯ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.